# ગુજરાતી સાહિત્યથી વિશ્વસાહિત્ય સુધીની પ્રસિદ્ધ કૃતિઓનો પરિચય | મંજુલા છેડા

[**સમવાય** (વિવેચન) : લેખક વિજય શાસ્ત્રી, પ્રકાશક : વિજય શાસ્ત્રી, વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, પૃ. ૯૨, કિં. રૂ. ૭૫/-]

આ વિવેચનસંગ્રહમાં કુલ ૨૧ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ટૂંકીવાર્તા, વિવેચન, નાટક, નવલકથા, ચરિત્ર, હાસ્યવિનોદ લેખો, કવિતા અને સિદ્ધાંતચર્ચાનો સમાવેશ કરવામાં આવ્યો છે. વૅલેક અને વૉરેનના પ્રસિદ્ધ ગ્રંથ 'થીઅરી ઑફ લિટરેચર'માંના 'લિટરેચર ઍન્ડ સોસાયટી'નો સારાનુવાદ છે. જેમાં સાહિત્ય અને સમાજના સંબંધની ચર્ચા કરી છે.

ટૂંકીવાર્તાવિષયક લેખોમાં અન્ય ભાષાની અને ગુજરાતી ટૂંકીવાર્તામાં ખંડિત દામ્પત્યનું કથાનક સૌથી વધુ પ્રમાણમાં આલેખાયેલું છે. તેની વાત કરતા લેખો સાથે ગ્રીક કથા 'વિડો ઑફ ઑફિસસ', મોહંમદ માંકડની 'તપ' અને અમેરિકન સર્જક અર્નેસ્ટ હેમિંગ્વેની 'ઇન અનધર કંટ્રી' અને દ્વિરેફની 'મુકુન્દરાય' વાર્તાનો ઉલ્લેખ કર્યો છે. પન્નાલાલ પટેલની વાર્તા તથા મોહનલાલ પટેલના 'મત્સ્યવેધ' વાર્તાસંગ્રહની સમીક્ષા લેખકે કરી છે. સ્વ. રણજિતરામની વાર્તા 'હીરા'ની, આરંભ, અંત, દરેક પાત્રની વિશેષતા, સંવાદકલા, પ્રતીકયોજના વગેરે પાસાં સાથેની ઊંડાણથી સમીક્ષા કરી છે તો જયંત ખત્રીની વાર્તાઓમાં આવતા સંઘર્ષની તુલના 'હીરા' વાર્તા સાથે કરીને વિચારતા કરી મૂક્યા છે.

'નઈ કહાનીના નમૂના' અને 'સાંજના એકાન્ત તટ પર' શીર્ષક હેઠળ લેખકે અનૂદિત વાર્તાસંગ્રહ અને વાર્તાની સમીક્ષાને આવરીને પોતાના વિશાળ વાચનનો પરિચય વાચકને પણ કરાવ્યો છે. આ વાર્તાઓમાં પ્રતીકનો વિનિયોગ, નાટ્યાત્મકતા, ટેક્નિક, પાત્રો, દરેક મુદ્દાની સચોટ રજૂઆત કરીને વિવેચનની જવાબદારીને નિષ્ઠાપૂર્વક બજાવી છે.

'સાંજના એકાન્ત તટ પર' શીર્ષક હેઠળની મલયાલમ વાર્તા દેવકીઅમ્માના જીવનની કરુણતાને મૂલવે છે તો દલપત ચૌહાણકૃત 'મૂંઝારો' સંગ્રહમાં જોવા મળતી વાર્તાઓ નાટ્યાત્મક વક્રતા, વિરોધાત્મક પરિસ્થિતિ, ઘટના, પારસ્પરિક સંનિકર્ષને મૂલવે છે જેની ઉદાહરણપૂર્વક ચર્ચા લેખકે કરી છે.

વિવેચન શીર્ષક હેઠળ કૃષ્ણવીર દીક્ષિતના બે વિવેચનગ્રંથો 'શોધ' અને 'સંસ્પર્શ' અને 'ભરતવાક્ય' (કથાસાહિત્યવિષયક લેખો)ની વાત વિગતે કરી છે જે વર્તમાન તેમજ ભાવિ પેઢીના વાચકો માટે માહિતીપ્રદાન બની રહેશે.

હાસ્યવિનોદ વિભાગમાં 'વિનોદિકા' અંજની પારેખના હાસ્યલેખો, હાસ્યવિભાગમાં ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરનાર નિર્મિશ ઠાકરકૃત નવલકથા 'ચક્રાકાર ચતુષ્કોણ' અને બકુલ ત્રિપાઠીના 'તેરમું' હાસ્યનિબંધનું વિવેચન લેખકે કર્યું છે. હાસ્યનિબંધમાં વર્ણવાયેલાં કટાક્ષ, વ્યંગ્ય, માર્મિકતા, પ્રહસનનું ઉદાહરણસહિત વિવેચન અહીં છે.

જીવન જીવવા અને જીતવા માટે કોઈ રેડીમેઇડ ફૉર્મ્યુલા કે જડીબુટ્ટી હોવી શક્ય નથી એવા ગંભીરકરુણ પાસાં ધરાવતું પિરાન્દેલોનું પ્રહસનાત્મક 'ધ જાર' નાટક, 'મોલિયેર'નું નાટક,



ટાગોરકૃત 'ચિત્રાંગદા' નાટકનું વિવેચન ખાસ ધ્યાન ખેંચે છે.

મનની ભીતર ચાલતા પ્રવાહોની સૂક્ષ્મછાની વાતોને નિરૂપિત કરતી રાજેશ અંતાણીની 'સંધિરેખા' નવલકથાનું મનોવૈજ્ઞાનિક ધોરણે વિવેચન લેખકે કર્યું છે. તો સ્વ. મોહનલાલ પાર્વતીશંકર દવેનો સાહિત્યકાર તરીકેનો પરિચય કરાવીને તેમને લોકહૃદયમાં સ્થાન આપ્યું છે. વાર્તા, નવલકથા, નાટક, નિબંધની સાથે હરીશ મીનાશ્રુની 'જાતને ઓગાળવાની વાત' ગઝલ અને કમલ વોરાનાં 'ખુરશીકાવ્યો'માંનું કાવ્ય લઈ તેનું રસદર્શન કરાવ્યું છે.

વિજય શાસ્ત્રીએ ખૂબ જ સંક્ષેપમાં સાદી અને સરળ ભાષામાં સત્યનિષ્ઠપણે, નિષ્પક્ષપાતથી કૃતિઓની સમીક્ષા કરી છે. જરૂર જણાય ત્યાં પોતાના વિચારો અને મતભેદોને વ્યક્ત કર્યા છે. વાચકોને અન્ય ભાષાની ઉત્તમ સાહિત્યકૃતિનો પરિચય કરાવીને વાંચવા માટે પ્રેરણા આપી છે.

આ વિવેચનસંગ્રહમાં ગ્રંથસ્થ થયેલા ઘણાખરા લેખો શબ્દસૃષ્ટિ, પરબ, પ્રત્યક્ષ, સંસ્કૃતિ, એતદ્, ફાર્બસ ત્રૈમાસિક, બુદ્ધિપ્રકાશમાં પ્રકાશિત થયા છે. અમુક લેખોમાં સુધારાવધારા કરીને પુસ્તક રૂપે 'સમવાય' નામ સાથે વાચકોને બત્રીસ પકવાન પીરસવાનું કામ લેખકે કર્યું છે.